

ગાંધીનગરમાં મુખ્ય રસ્તા ઉપર રખડતા ઢોરોને કારણે ટ્રાફિકની સમસ્યા ઉભી થાય છે. ગમે તે કારણોસર આવા ઢોરોને પકડવા તંત્ર તરફથી બેદરકારી દાખવવામાં આવી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# પ્રેમમાં પડી ગયેલા સગીર પિતરાઈ ભાઈ-બહેનનો કેનાલમાં આપઘાત

## સે-૨૪માં રહેતો ૧૫ વર્ષનો કિશોર અને સિધ્ધપુર રહેતી ૧૭ વર્ષની તેની પિતરાઈ બહેન ૩૧ સપ્ટેમ્બરથી લાપતા હતા : સુઘડ કેનાલમાંથી બે દિવસ પહેલા કિશોરીનો અને આજે કિશોરનો મૃતદેહ મળ્યો : પિતાની પગાર સ્લીપથી બંનેની ઓળખ થઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશનમાં આજે એક દુઃખદ તેમ છતાં ચોંકાવનારો વિચિત્ર કિસ્સો નોંધાવા પામ્યો છે. પ્રેમમાં પડેલા સગીર વયના પિતરાઈ ભાઈ બહેને ઘર છોડી દિધાને ચાર દિવસ બાદ સુઘડ નર્મદા કેનાલમાંથી બંનેના મૃતદેહ મળી આવ્યા છે. કિશોરીનો મૃતદેહ બે દિવસ અગાઉ અને કિશોરનો મૃતદેહ આજે મળ્યો છે કિશોરના ખિસ્સામાંથી મળેલી એક પગારની સ્લીપ પરથી બંને મૃતદેહોના વાલી વારસ સુધી અડાલજ પોલીસ પહોંચી શકી છે. અડાલજ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ૧લી સપ્ટેમ્બરે અડાલજ પોલીસને આશરે ૧૭ વર્ષની એક કિશોરીનો તરતો મૃતદેહ સુઘડ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. જો કે તેણીની ઓળખ થઈ શકી ન હતી. દરમિયાન આજે સુઘડ કેનાલમાંથી જ એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો તેની પણ ઓળખ થાય તેવું કંઈ તેની પાસેથી મળ્યું ન હતું.

જો કે કિશોરના ખિસ્સામાંથી એક પગાર સ્લીપ મળી હતી જેને આધારે અડાલજ પીએસઆઈ એચ.સી. રાઠવાએ તપાસ કરતાં સે-૩૦નીએક ઈલેક્ટ્રોનીકસ કંપનીના એક કર્મચારી સે-૨૪ ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા બાબુભાઈ પરમારની પગાર સ્લીપ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બાબુભાઈનો સંપર્ક કરતા જાણવા મળ્યું કે જે કિશોરનો મૃતદેહ મળ્યો તે તેમના ૧૫ વર્ષના દિકરા હિમાંશુનો હતો જે કડી સ્કુલમાં ધો-૧૧માં અભ્યાસ કરતો હતો. ત્યાર બાદ જાણવા મળ્યું કે ૧લી તારીખે મળેલી કિશોરી કોણ હતી? પાટણ જિલ્લાના સિધ્ધપુરના એક ગામમાં રહેતી ધો-૧૨માં અભ્યાસ કરતી ૧૭ વર્ષની આશા જગદીશભાઈ સોલંકીનો મૃતદેહ મળ્યો હોવાનું ખુલ્યું હતું. આશા અને હિમાંશુ બંને પિતરાઈ ભાઈ બહેન થતા હતા અને બંને વચ્ચે પ્રેમ થઈ જતાં ૩૧મી ઓગષ્ટે બંને ઘરેથી ભાગી ગયા હતાં. કોઈ કારણસર સુઘડ કેનાલમાં બંનેએ ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. અડાલજ પીએસઆઈ એસ.સી. રાઠવાએ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# સે. ૨૫ માં રહેતા પ્રૌઢે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લીધો

## આપઘાત કરવા પાછળનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ ખાતે રહેતા ૫૩ વર્ષિય પ્રૌઢે પોતાના ઘરે જ પંખે લટકી જઈ ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. આજે સવારે આપઘાત અંગે પોલીસને જાણ થતા સે. ૨૧ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૨૫ પ્લોટ નં. ૧૧૦ખાતે રહેતા ૫૩ વર્ષીય ભોજરાજભાઈ બાલાજી રામારાવે આજે સવારે સાડા નવ વાગ્યા પહેલા કોઈ પણ સમયે પોતાના ઘરે પંખે લટકી જઈને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રૌઢ વયના ભોજરાજભાઈએ કયાં કારણોસર અંતિમ પગલુ ભર્યુ તે રહસ્ય હજુ બહાર આવ્યું નથી. જો કે સે. ૨૧ પોલીસને જાણ થતા એએસઆઈ પ્રવિણસિંહ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.





ગણેશોત્સવ સેકટર-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે મંગલવારના રોજ ત્રણ ત્રણ જાદુગરે જાદુના હેરતઅંગેઝ કરતબ બતાવી હાજર બાળકો અને શ્રોતાઓની વાહ વાહ મેળવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૨૨ સાર્વજનિક ગણેશોત્સવમાં લોક ડાયરાની જમાવટ : માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા. ૩

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા નગરમાં ૪૫ માં ગણેશોત્સવની ઉમંગ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહેલ છે. મહોત્સવના પાંચમાં દિવસે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સૌજન્યથી લોક ડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વરસાદી વાતાવરણની વચ્ચે પણ સમિતિ દ્વારા બનાવવામાં આવેલ વોટરપ્રુફ ડોમની અંદર ભારે સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





મહોત્સવના પાંચમાં દિવસે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સૌજન્યથી લોક ડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ ડાયરામાં સુપ્રસિદ્ધ લોક કલાકાર શ્રીમતી ઈન્દીરાબેન શ્રીમાળી, શ્રી સુખદેવ ગઢવી, અવિનાશ બારોટ અને અન્ય ખ્યાતનામ કલાકારો રમઝટ જમાવી હતી. ગુજરાતની લોક સંસ્કૃતિને જીવંત રાખતો કાર્યક્રમ એટલે લોક ડાયરો જેમાં નગરજનોએ પણ વરસાદની વચ્ચે રંગમંચ પર મોટી સંખ્યાાં ઉપસ્થિત રહ્યા હતા અને સમિતિ દ્વારા બનાવવામાં આવેલ વોટરપ્રુફ ડોમની અંદર સુંદર મજાનો ડાયરાના કાર્યક્રમને નગરજનોએ માણ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત પ્રમોશન મિડીયા અને બિગસોટ ઈવેન્ટસ મેનેજમેન્ટ દ્વારા ૫ મી સપ્ટેમ્બરના રોજ પ્રસિદ્ધ થનાર સસ્પેન્સ અને થ્રિલર ગુજરાતી ફિલ્મ 'વિશ્વાસઘાત'ના કલાકારો ફિલ્મના પ્રમોશન માટે ઉપસ્થિત રહ્યા હતા. આ ફિલ્મમાં હિતુ કનોડીયા, કેમેરામેન વિરલ પટેલ, અને ફિલ્મના પ્રોડ્યુસર પરેશ સંઘવી, જિલ મહેતા, ડીમ્પલ ઉપાધ્યાય, પ્રકાશ ઝારાવાલા અને નદિમ વગેરે કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. કલાકારોને પ્રોત્સાહન પુરૂ પાડવા વરસાદી માહોલની વચ્ચે નગરજનોએ રંગમંચ પર ઉપસ્થિત રહી કલાકારોને હૃદયપૂર્વક આવકાર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બદલ સમિતિના પ્રમુખ શ્રી નિશિત વ્યાસે નગરજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા સમિતિના મહામંત્રી શ્રી પ્રવિણ બાલપાંડે, શ્રી વિષ્ણુરાવ બાલપાંડે, શ્રી કલ્પેશ બાલપાંડેએ જહેમત ઉઠાવી હતી.

આજ રોજ ૪૫ માં ગણેશોત્સવના સાતમાં અને છેલ્લા દિવસે બપોરે ૩.૦૦ કલાકે શ્રી ગણેશ ભગવાનની પૂજા આરતી કર્યા બાદ વિસર્જન યાત્રા નિકળશે જે પંચદેવ મંદિર થઈ, સેક્ટર-૧૭-૨૨ થઈ, ચ-૫ ફુવારા થઈને સાબરમતી નદીના પટમાં પહોંચશે. જયાં વિધિવત પૂજા અર્ચના કર્યા બાદ શ્રીજીની મૂર્તિનું વિધિવત વિસર્જન કરવામાં આશે. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને નગરજનોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.



ગાંધીનગર શહેરના સે. ૨૭ સામે આદિવાડા પાસે રોડ પરથી ગઈ મોડી સાંજે પસાર થઈ રહેલી એક કાર અચાનક સળગી ઉઠી હતી. જો કે સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. આગની લપેટમાં આવી ગયેલી કાર સળગીને ખાખ થઈ ગઈ હતી.

# ચૌધરી કન્યા વિદ્યાલયમાં શિક્ષક દિન સહિત વિવિધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૩

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની કુલ ૮૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે શ્રી જે.એમ. ચૌધરી, સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓએ શાળાની સફાઈ કરી હતી તેમજ નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ડિબેટ સહિતના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગની કુલ ૮૪ વિદ્યાર્થીનીઓએ શિક્ષક બની શિક્ષણ પિરસ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તે તમામને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

**રક્તદાન મહાદાન**



સીનીયર સીટીઝન કાઉન્સિલ દ્વારા સેક્ટર-૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટી મહેન્દ્રભાઈના બે પુસ્તકોનું વિમોચન ભરત કવિ અને પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ઈન્દુમતી નિમાવત અને અનિલભાઈ જોષી તેમજ સેવાકીય સિદ્ધિ પ્રાપ્ત શર્મિષ્ઠાબેન દવે, દશરથભાઈ પરમાર, હરજીવનભાઈ પંચાલને મેડલ પહેરાવી પ્રશસ્તીપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)



## સાદરા વિદ્યાપીઠ દ્વારા મહા સફાઈ કાર્યક્રમ યોજાયો

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહા વિદ્યાલય સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ, અને આદર્શ પ્રાથમિક શાળાના મોતીપુરાના ઉપક્રમે જ્ઞાન સપ્તાહ અંતર્ગત મહાસફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. સફાઈ અભિયાનમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વય સેવકો અને શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર ગામમાં પ્લાસ્ટીક એકત્રિત કરવામાં આવ્યું હતું. ગામમાંથી એકત્રિત કરેલ ૧૩૦ કિ.ગ્રા. પ્લાસ્ટિકનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજભાઈ સિલાવટ, ડૉ. ઉદાજી પરમાર, આચાર્ય શંકરભાઈ પટેલ જોડાયા હતા.

## અવસાન નોંધ

કલોલ ખાતે રહેતા રામભાઈ ભીખાભાઈ ગજ્જર રકનપુરવાળાનું અવસાન તા. ૧લી ના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૫ સપ્ટેમ્બર શુક્રવાર સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન વિશ્વકર્મા હોલ સરદાર બાગ પાસે કલોલ ખાતે રાખેલ છે.

## વાલ્મીકી સમાજની મહાસભા

ગાંધીનગર, તા. ૩

અખિલ ભારતીય વાલ્મીકી મહાસભા દ્વારા તા. ૪ સપ્ટેમ્બર, સાંજે ૫.૦૦ વાગે સેક્ટર-૧૩ છાપરા, ગુજરાત વિદ્યુત બોર્ડની બાજુના મેદાનમાં મહાસભા યોજાશે. સભામાં મુખ્ય અતિથિ તરીકે રામેશ્વર લોટ, અધ્યક્ષ, ગુજરાત અખિલ ભારતીય વાલ્મીકી સભા ઉપસ્થિત રહે છે. સભામાં વાલ્મીકી સમાજના લોકોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪
સૂર્યાસ્ત : ૬.૫૫

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૭ ટકા ● સાંજે ૮૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રાજા નટવરલાલ : ૧૨.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫
મર્દાની : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી)(અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
રાજા નટવરલાલ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
રભાસા (તેલુગુ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫
મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :
આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૩.૦૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રહલાદભાઈ મોહનલાલ પટેલ (ઉ.વ.૬૮) મુ. મગોડી, તા.જી. ગાંધીનગર
- સ્વ. લીલાબેન અંબાલાલ ઠાકોર (ઉ.વ.૫૫) મુ. ધણપ, તા.જી. ગાંધીનગર
- સ્વ. બબાજી જેસંગજી ખાંટ (ઉ.વ.૮૫) મુ. માણેકપુરા, તા. માણસા, જી. ગાંધીનગર